ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૫-૨૦૧૫, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

કિસાન ચેનલ : ખેડૂત અને ખેતીની એની ખોવાયેલી ગરિમા પાછી અપાવવાના ઉધામા

વડાપ્રધાન મોદી કિસાન સમુદાયને ચેનકેન પ્રકારેણ હાથ પર લેવા માગતા હતા. આ ડીડી - કીસાન ચેનલ એમની કિસાન રાજનીતિનો જ એક પડાવ છે. પોતે ખેડૂત નહીં હોવા છતાં પોતાની સરકારને તેઓ ખેડૂતોની સરકાર તરીકે ઓળખાવતા રહ્યા છે. ખેતીને વિજ્ઞાન સાથે સાંકળીને તેઓ કિસાનના આકાશિયા અર્થકારણને નવો આયામ આપવા માગે છે. ખેડૂતોને સસ્તી વીજળી મળે, દરેક ખેતરને જરુરી પાણી પહોંચે એવો દીનદયાળ ઉપાધ્યાયનો સંદેશ - હર હાથ કો કામ, હર ખેત કો પાની ચરિતાર્થ કરવાના પ્રયાસ રુપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી સિંચાઇ યોજના અને દીનદયાળ ઉપાધ્યાય જેવી કલ્યાણ યોજનાઓ શરુ કરી છે. ખેડૂતોને એમની ખેતપેદાશોનું અધિકત્તમ ઉત્પાદન અને પોષણક્ષમ ભાવ મળી રહે, એની વૈજ્ઞાનિક જાણકારી અને સમજ આ કિસાન ચેનલ મારફત ઉપલબ્ધ કરાવવાની ગણતરી છે. વડાપ્રધાન કિસાનોને વિજ્ઞાનભવનમાં નોતર્યા અને હળમાં જ દેશની તમામ સમસ્યાઓનો હલ હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ક્યારેક આપણા દેશમાં 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી' જેવું સૂત્ર પ્રચલિત હતું. કાળક્રમે ખેતીની મહત્તા અળપાતી ગઇ અને ગામડાં ભાંગવા માંડ્યા. લોકો ખેતી છોડીને શહેરોમાં ધંધો-રોજગાર શોધવા લાગ્યા. ખેડૂત લગભગ સેકંડ રેટ સિટીઝનની અળખામણી અવદશા પામ્યો છે. આ પરિસ્થિતિ ઉલટાવીને ફરી પાછું ગાંધીપ્રેરિત અને દીનદયાલ સમર્થિત 'ગ્રામ સ્વરાજ' કે રામરાજ લાવવા માટે દેશના ખેડૂતને બેઠો કરવો જ રહ્યો. કિસાન ચેનલ મારફત દૂરદર્શન એ દિશામાં એક લોકપ્રિય પગલું ભરી રહ્યું છે. ખેતી અને પશુપાલન વિશે વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડવા ઉપરાંત આ ચેનલ ખેડૂતોને સરકાર દ્વારા અમલમાં મુકાયેલ વિવિધ યોજનાઓની માહિતી પણ મળી રહેશે. ખેડૂતો માટેની ચોવીસ કલાકની ચેનલ શરુ કરવાનો વિચાર જ કોઇ પણ નેતાને ખેડૂતોના મસીહા તરીકે સ્થાપિત કરવા માટે પૂરતો ગણાય. મોદી બરાબર લાગ જોઇને આ બ્રહ્માસ્ત્ર છોડ્યું છે. રાહુલ ગાંધીના પૂર્વજો ન કરી શક્યા તે કામ પોતે કરી રહ્યાંનો યશ તેઓ જરુર લઇ શકે એમ છે. અત્યાર સુધી દૂરદર્શન પર ખેડૂતો માટે 'ચૌપાલ' જેવો એકાદ કાર્યક્રમ આવતો હતો એને ઠેકાણે ડીડી - કિસાન પર ચોવીસે કલાક ખેડૂત અને ખેતીલક્ષી કાર્યક્રમો ઉપારંત ખેતપેદાશોના ભાવો તથા ખેતીની મોસમ વખતે વિવિધ પાકોના વાવેતરથી માંડી લણણી સહિતની વૈજ્ઞાનિક માહિતી ઉપલબ્ધ થશે. પરિમાણે ખેડૂતો પોતાના પરંપરાગત વ્યવસાયને ઢસરડો નહીં સમજતા સારું વળતર આપતા માનવંતા વ્યવસાયમાં ફેરવી શકશે. ખેતીથી વિમુખ થયેલી ગ્રામીણ યુવા પેઢી ખેતી તરફ પાછી વળશે. ખેતી અને ખેડૂતને એની ખોવાયેલી ગરિમા પરત અપાવવાનો વડાપ્રધાનનો અભિગમ સરવાળે ભારતીય જનતા પાર્ટીને ખેડૂત તરફી પાર્ટી તરીકેની નવી ઓળખ અપાવશે તો કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સહિત પ્રાદેશિક પાર્ટીઓના ખેડૂત નેતાઓને મોદી વિરુદ્ધ શરુ કરેલી ઝુંબેશને ખેડૂતો તરફથી મર્યાદિત પ્રતિસાદ સાંપડશે, એમાં શંકાને સ્થાન નથી. કિસાન ચેનલ એ દૃષ્ટિએ મોદીનું બ્રહ્માસ્ત્ર સાબિત થઇ શકે એમ છે.

પાંચ વર્ષે પણ ગાંધીનગર શહેર વિસ્તારના પ્રાથમિક શિક્ષકો બદલીથી વંચિત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં આવેલ શિક્ષકો છેલ્લા પાંચ વર્ષથી શહેર વિસ્તારની અન્ય શાળાઓમાં ખાલી જગ્યાઓ હોવા છતાં શહેર વિસ્તારમાં શિક્ષકોની ઘટ ન પુરવાના કારણે તેમની હાલની શાળાઓમાંથી ખાલી જગ્યાઓવાળી શાળાઓમાં બદલી માંગણીથી વંચિત રાખવામાં આવ્યા છે.

હાલમાં સમગ્ર રાજયમાં ગુજરાત સરકારના પ્રા. શિક્ષકોની બદલી માંગણીના પરિપત્રો અનુસાર ઓનલાઈન બદલી માંગણીની અરજીઓ મંગાવવામાં આવી છે. પરંતુ રાજ્યના પાટનગરમાં જ તેનો અમલ અધિકારીઓની આડોડાઈના કારણે થઈ શકતો નથી. ગાંધીનગર શહેર વિસ્તારમાં આવેલ પ્રા. શાળાઓમાં હાલ પ્રાથમિક વિભાગમાં અંદાજિત ૩૦ થી ૩૫ તથા ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં આશરે ૨૦ થી ૨૫ જગ્યાઓ ખાલી છે. આ જગ્યા ઉપર ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રા. શાળાઓમાંથી શહેર વિસ્તારમાં આવવા માંગતા શિક્ષકોથી ભરવાની જોગવાઈ સરકારે કરેલ તેમ છતાં કોઈના કોઈ બહાના હેઠળ આ શિક્ષકો શહેરી વિસ્તારમાં ન આવે તેવી કૂટ નીતીના ભોગ અધિકારીઓ દ્વારા બનેલ છે. અને ગાંધીનગર શાસનાધિકારી આ બાબતે ચુપકીદી સેવી આડકતરી રીતે પોતાની જવાબદારીઓથી દૂર ભાગી રહેલ છે.

ગાંધીનગર શહેર વિસ્તારમાં પ્રા. શાળાઓમાં ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની સરકારી પ્રા. શાળાઓમાંથી આવવા માંગતા શિક્ષકોથી ભરવામાં આવે તો હાલ ગાંધીનગર શહેર વિસ્તાર હસ્તકની પ્રા. શાળાઓ જેવી કે પાલજ, બાસણ, ધોળાકુવા, આદિવાડા, ઈન્દ્રોડા, ફતેપુરા વિગેરે ગામોમાં વર્ષોથી ફરજ બજાવતા શિક્ષકો રાજ્યના અન્ય શિક્ષકોની જેમ બદલી માંગણીથી નજીકના સ્થળેથી વંચિત ના રહે. પરંતુ આ અંગે છેલ્લા પાંચ વર્ષથી શાસનાધિકારી ગાંધીનગર દ્વારા ઉપેક્ષા કરવામાં આવે છે. અને શિક્ષકોને અન્યાય કરી રહ્યા છે. બીજી તરફ ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રા. શાળાઓમાં વર્ષોથી ફરજ બજાવતા શિક્ષકો વધના કારણોસર એક તાલુકામાંથી બીજા તાલુકામાં બાઈબાઈ ચારણીની જેમ ફંગોળાઈ રહેલ છે. ગાંધીનગર શહેર વિસ્તારની પ્રા. શાળાના બાળકો શિક્ષકોની ઘટના કારણે પુરતા અભ્યાસક્રમથી વંચિત થઈ રહ્યા છે.

હરિની દૃષ્ટિ...

મનની વાત તો રેડીયો પર જ કરે છે... અહી તો... !!

મુંબઈની બન્ને બહેનોએ એક સાથે દીક્ષા લઈ સંયમનો માર્ગ અપનાવ્યો

ગાંધીનગર, તા. ૨૭

દેશ અને દુનિયામાં દિકરીઓ અનેક ક્ષેત્રે નામના મેળવી રહી છે.

પંચાયતથી લઈને પાર્લામેન્ટમાં દિકરીઓ કાઠુ કાઢી રહી છે. તેવા સમયે મુંબઈ પરેલ નિવાસી બે બહેનોએ દીક્ષા લઈને ભક્તિનો માર્ગ અપનાવ્યો છે. બન્ને બહેનોનો પાંચ દિવસ દીક્ષા મહોત્સવ યોજાયો હતો.

મૂળ કચ્છના વતની અને હાલ મુંબઈ પરેલ નિવાસી રિતીન લાલજી ગોગરીની બે દિકરી કિંજલ ઉં.વ. ૨૬ અને તિથિ ઉં.વ. ૨૩ એ દીક્ષાનો માર્ગ અપનાવ્યો છે. બન્ને દિકરીઓને પ્રશાન્તમૂર્તિ પ.પૂ. આ.ભ. શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી ભ. અને જોશીલા પ્રવચનકાર પ.પૂ. આ.ભ. શ્રી જીનસુંદર સૂરીશ્વરજી મ.સા.ની મંગલ નિશ્રામાં દીક્ષા લીધી હતી.

પાંચ દિવસીય દીક્ષા મહોત્સવમાં ગુરૂભગવંતોનું વિરાચીત સામૈયુ અને નવકારથી, ચતુર્વિધ સંઘ સાથે જાજરમાન શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે શ્રી સુવિધિનાથ જિનાલય લાલબાગ પ્રયાણથી નીકળી સે.રે. પરેલ ગ્રાઉન્ડ ખાતે પહોંચી હતી. શોભાયાત્રામાં સાંજી ગીતોની ધૂન રેલાવી હતી.

પરેલ ગ્રાઉન્ડમાં હજ્જારોની માનવમેદની વચ્ચે પ્રવજ્યા વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર કચ્છી, મારવાડી, ગુજરાતી સમાજના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સંયમનો માર્ગ સ્વિકારી રહેલી બન્ને બેલડીઓને જોતા હજારો આંખો હર્ષાશ્રુ થઈ હતી.

મહોત્સવને સફળ બનાવવામાં તરવરીયા નવયુવાનોની સંસ્થા અહર્મ નનામી ફાઉન્ડેશન અને નવ યુવતિઓની સંસ્થા સમર્પણ ગ્રુપ શ્રી સંઘના સેવાભાવી ટ્રસ્ટીઓ, વડીલો, ભાઈ-બહેનો, પાઠશાળાઓના

બાલા-બાલીકાઓએ પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. દાનવીરોએ દાનથી ગંગા વહાવી હતી. તેમજ આદિનાથ જૈન સંઘ, લાલબાગ જૈન સંઘ અને કચ્છ-રાજસ્થાન સમાજની સંસ્થાઓ જોડાઈને સહયોગ પુરો પાડ્યો હતો. નૂતન દીક્ષાર્થી બન્ને બેનડીઓની વડી દીક્ષા જૂનાના પ્રથમ સપ્તાહમાં ઘાટકોપર ખાતે યોજાશે.

કૈલાસ માનસરોવરના યાત્રિકોને માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા. ૨૭

ભારત સરકાર દ્વારા કૈલાસ માનસરોવરની યાત્રા કરવા ઈચ્છુક યાત્રિકો પાસેથી અરજી ફોર્મ ભરાવવામાં આવ્યા હતા. જેનો ડ્રો ગત તા. ૨૦ એપ્રિલના રોજ યોજાયો હતો. કૈલાસ માનસરોવર સેવા સમિતિ ગાંધીનગર દ્વારા યાત્રાએ જતા યાત્રિકોને માર્ગદર્શન આપવામાં આવશે. યાત્રા સંબંધિત કોઈ પણ પ્રકારની માહિતી માટે સમિતિના કિષ્ણકુમાર રાણા ૯૪૨૭૪૧૯૦૧૨, વિપિન પંડ્યા - ૯૪૨૬૬૧૪૯૧૦ અને ભોળાગિરી ગોસ્વામી - ૯૪૨૪૦૩૫૨૦૨ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

ચિલોડાનો ભાવિક શાહ દીક્ષા લેશે

ચિલોડા, તા. ૨૭

તાલુકાના ચિલોડા મોટાનો વતની ભાવિક શાહ દીક્ષા ધારણ કરશે. દીક્ષા સમારોહ ઈડર સ્થિત શ્રી

પાવાપુરી જલ મંદિર તિર્થ ખાતે યોજાશે. દીક્ષા સમારોહ તા. ૨૯-૩૦-૩૧ એમ ત્રણ દિવસ ચાલશે. દીક્ષા દરમિયાન વર્ષિદાનનો વરઘોડો નિકળશે. બપોર બાદ વિજય મુહૂર્તમાં સિદ્ધચક્ર મહાપૂજન કરવામાં આવશે. તા. ૩૧ રવિવારે દીક્ષા વિધિનો પ્રારંભ થશે. આ પ્રસંગે પ.પૂ. આચાર્યદેવ શ્રી કલ્યાણ સાગર સુરીશ્વરજી શ્રી રાજતિલક સાગર સુરીશ્વરજી, પ.પૂ. મૂનિરાજ, શ્રી ધર્મ કિર્તિસાગરજી સહિત હજ્જારોની સંખ્યામાં જૈન સમુદાય હાજર રહેશે.

રુકમામ્બા માતાજીની પૂર્ણતિથિ નિમિત્તે સપ્તશતી પારાયણનું આયોજન કરાયુ

ગાંધીનગર, તા. ૨૭

સેક્ટર-૮ દત્ત મંદિરે રુકમામ્બા માતાજીની ૪૮મી પૂર્ણતિથિ નિમિત્તે રુકમામ્બા સપ્તશતી પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૯ મે શુક્રવાર સવારે ૭ થી ૧૨.૩૦ દરમિયાન દિપકભાઈ નાથાલાલ કંસારીના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૧૪/૨, વિરાટનગર સેક્ટર-૨૩ ખાતે યોજાશે. સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન રુક મામ્બા સપ્તશતિ પારાયણ યોજાશે. નારેશ્વર આશ્રમ નિવાસી પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીના માતાજીનો દેહ વિલય જેઠ સુદ-૧૧ નિર્જળા એકાદશીના દિવસે થયો હતો અને તેમની સે. ૨૮ દત્તમંદિર સ્થિત મૂર્તિ સ્થાપનાની સિલ્વર જ્યુબિલી નિમિત્તે શ્રીરંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના ભાવિ ભક્તોને લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

જૈન સોશ્યલ ગૃપના સ્થાપના દિવસે 'નયનને બંધ રાખીને...' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૭

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર તેનો ૩૪મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે ત્યારે એક સંગીતમય રાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે. ગૃપના સ્થાપના દિવસ નિમિત્તે 'નયનને બંધ રાખીને...' કાર્યક્રમ યોજવામાં આવશે. મુંબઈના પ્રજ્ઞાચક્ષુ કલાકારો દ્વારા આગામી તા. ૭ જૂન રવિવાર રાત્રે ૯-૦૦ વાગે ટાઉનહોલ ગાંધીનગર ખાતે ગુજરાતી-હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'નયનને બંધ રાખીને...' રજુ કરવામાં આવશે. કાર્યક્રમમાં મુંબઈની શ્રવણકુમાર પાર્ટીના તમામ પ્રજ્ઞાચક્ષુ કલાકારો ગીતોથી રંગ જમાવશે.

એન્જિન્યરીંગમાં કોમ્પ્યુટર, મેકેનિકલની બોલાબાલા છે

અમદાવાદ, તા. ૨૭

રાજયમાં એન્જિનિયરીંગ ક્ષેત્રની કોલેજોમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ત્યારે આ વર્ષે એન્જિનિયરીંગની વિવિધ શાખાઓમાંથી સિવિલ, કોમ્પ્યુટર આઈટી, મિકેનિકલ અને ઈલેક્ટ્રીકલ જેવી શાખાઓનો સૌથી વધારે ક્રેઝ જોવા મળે તેવી સંભાવના છે.

ગત વર્ષે પણ, સિવિલ, કોમ્પ્યુટર આઈટી, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલમાં પ્રવેશનો ધસારો રહ્યો હતો. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતી કાલે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ (સેમેસ્ટર ૪)નું પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ત્યારે બીજી તરફ ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ બાદ એન્જિનિયરિંગ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે એન્જિનિયરિંગમાં પ્રવેશ માટેની પ્રક્રિયાનો એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ (એસીપીસી) દ્વારા પ્રારંભ થઈ ગયો છે. આ સંજોગોમાં આ વર્ષે એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા માટે સૌથી વધારે કઈ બ્રાન્ચ (શાખા)માં ધસારો રહેશે, તેની ઉપર સૌની મીટ મંડાઈ છે. એન્જિનિયરિંગ પ્રવેશમાં ગત વર્ષે સૌથી વધારે મિકેનિકલ, સિવિલ ઈલેક્ટ્રિકલ્સ અને કમ્પ્યુટર આઈટી જેવી શાખાઓ વિદ્યાર્થીઓમાં ભારે હોટ ફેલરિટ રહી હતી. આ ચાર શાખામાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓમાં ગત વર્ષે ભારે ધસારો જોવા મળ્યો હતો. જ્યારે તેની સામે ઈ.સી.જેવી શાખામાં કાગડાં ઉડતા હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. ગત વર્ષની જેમ આ વર્ષે પણ એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે સિવિલ, કમ્પ્યુટર આઈટી, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ જેવી શાખાઓ ઉપરાંત ઓટોમોબાઈલ્સ અને કેમિકલ્સ જેવી શાખા પણ વિદ્યાર્થીઓમાં હોટ ફેવરિટ રહેશે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, એન્જિન્યરીંગમાં પ્રવેશ માટે ઉમેદવારો ૩૦ મેથી ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

વિદ્યાર્થીઓ ઘરે બેઠા સીએની તમામ તૈયારીઓ કરી શકશે

અમદાવાદ, તા. ૨૭

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સી ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા સીએની એન્ટ્રન્સ એકઝામ એવી સીપીટીની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ઓનલાઈન માર્ગદર્શન મળી રહેતે માટે ખાસ યોજના તૈયાર કરવામાં આવી છે. જે મુજબ સીએના કલાસના લેકચરોના વિડીયો વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. જેના આધારે વિદ્યાર્થીઓ પ્રવેશ પરીક્ષાની તૈયારીઓ કરી શકશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ સીએના અભ્યાસક્રમને દેશ વધુ ઈનોટીવ અને લોકપ્રિય બનાવવા માટે ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્ટર્ડ એકાઉન્ટન્સી ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા અવનવા પ્રયત્ન કરવામાં આવેછે. ત્યારે હવે સીએમાં પ્રવેશ માટે લેવામાં આવતી સીપીટીની પરીક્ષા પાસ કરવામાં વિદ્યાર્થીઓને સરળતા રહે તે માટે નવતર પ્રયોગ કરવામાં આવી રહ્યા છે. જેમુજબ સીએ-સીપીટીના ચારેય વિષયો ફંડામેન્ટલ્સ એન્ડ એકાઉન્ટિંગ, મર્કેન્ટાઈલ લો, જનરલ ઈકોનોમિકસ, કવોન્ટિટિંગ એપ્ટીટયુડનું ડિજિટલાઈઝશ કરવામાં આવશે ત્યાર બાદ આઈસીએઆઈની વેબસાઈટ ઉપર આ વિડીયો મુકવામાં આવશે. વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારનો ચાર્જ ચુકવ્યા વિના આ વિડીયો આઈસીએઆઈની વેબસાઈટ ઉપર નિહાળી શકશે. આ વિડીયો લેકચર્સ હાલતો સીપીટીની પરીક્ષા માટેના જ હશે જો કે આગામી સમયમાં આઈસીએઆઈ દ્વારા સીએફાઈનલની પરીક્ષાના લેકચર્સના વિડીયોતૈયાર કરીને વેબસાઈટ ઉપર મુકવામાં આવશે ઉલ્લેખનીય છે કે ખાસ કરીને સીએની પ્રવેશ પરીક્ષા આપવા માંગતા ગ્રામીણ વિદ્યાર્થીઓને સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં કોચીંગ કલાસીસ ઉપલબ્ધ ન હોવાથી તેમને શહેરોમાં આવવુ પડે છે. આ ઉપરાંત ખાનગી કોંચીગ કલાસીસમાં ઉચી ફી પણ ચુકવવી પડે છે. ત્યારે સીપીટીની પરીક્ષાના લેકચર્સનો વિડિયો વેબસાઈટ ઉપર મુકવાથી વિદ્યાર્થીઓ સરળતાથી ઘરે બેઠા બેઠા સીએની પરીક્ષાની તેયારી કરી શકશે. તેમજ તેમના નાણા અને સમયની પણ બચત થશે ત્યારે આ વિડીયો ડિસેમ્બર સુધીમાં વેબસાઈટ ઉપર અપલોડ કરી દેવાશે.

બેકાર સોલિસિટરોમાં એકનો વધારો થયો છે એ જાણ કરવા હાઈકોર્ટમાં આંટાફેરા મારું છું

સૌરાષ્ટ્રના રાજા-રજવાડાઓનાં આંતરિક ખટરાગ અને વકીલોની માંહોમાંહની ખેંચતાણના કારણે રાજકોટમાં વકીલાત નહીં કરવાનું નક્કી કરી બેઠેલા મોહનદાસ ગાંધીએ ૧૦મી જુલાઇ ૧૯૦૨ના રોજ મુંબઇમાં વકીલાત શરુ કરવા રાજકોટ છોડ્યું. અને બીજા દિવસે તા. ૧૧ જુલાઇએ મુંબઇ પહોંચ્યા.

દક્ષિણ આફ્રિકાના નાતાલથી તેમને રૂા. ૩ હજારની વધુ રૂપિયાની મદદ મળી હતી. એ પૈસાથી તેમણે મિ.પેન, ગિલ્બર્ટ, સયાની અને મૂસાની પેઢી પાસેથી ઓફિસ માટે એક રૂમ લીધી હતી. ઓફિસ માટેની રૂમ લીધી તે જ દિવસે પણ સત્ય અને ન્યાય માટે વ્યવસાયના સ્વાર્થોનાં ઉપયોગ નહીં કરવો એવું સ્પષ્ટ માનતા બેરિસ્ટર ગાંધીએ તેમના રાજકોટમાં પ્રેક્ટીસ કરતાં વડીલ વકિલ મિત્ર દલપત ભવાનજીશુક્લને પત્ર લખ્યો હતો.

નવી ઓફિસ આગાખાન્સ બિલ્ડિંગ, બીજો માળ, હાઇકોર્ટ સામે, મુંબઇ, કોટ, ૧૧ જુલાઇ, ૧૯૦૨ પછી લખાયેલા આ પહેલા જ પત્રમાં લખે છે "થરાત સ્ટેટના ઠાકોર સાહેબ મને હમણાં જ મળ્યા. હું કાગળો ઉપર ટપકે જોઇ ગયો છું. મને યાદ છો કે તમે પ્રિવી કાઉન્સિલને અપીલ કરવાની સુચના કરી હતી. તે ક્યાં નિર્ણય સામે?" પોલિટિકલ સુપરિન્ટેન્ડેન્ટના નિર્ણય સામે તો નહીં જ! અને હું નથી માનતો કે મુંબઇ સરકારના ફેંસલા સામે અપીલ થઇ શકે! એવો મત વ્યક્ત કરતાં તેઓ વરિષ્ટ વકિલ મહેતાના નિર્ણય સામે શંકા વ્યક્ત કરે છે.

વકિલ ગાંધી મુંબઇમાં વકીલાત કરીને ઠરીઠામ રહેવા માંગતા હતા એવી નોંધ તેમણએ ગોપાલકૃષ્ણ ગોખલેને તા. ૧ ઓગસ્ટ ૧૯૦૨માં લખેલા પત્રમાંથી મળે છે. પત્રમાં જો નાતાલની વધુ રકમ મળશે તો મુંબઇ એક વરસ રહીને જોવા માંગુ છું એમ લખે છે.

(ગાંધીજીનો અક્ષર દેહ ભાગ : પૃષ્ઠ : ૨૯૩)

મુંબઈમાં બેરિસ્ટર તરીકે બાપુ

તેમના એક મિત્ર અને પાછળથી રાજકારણ અને ગાંધીજીના રચનાત્મક કામમાં જોડાવા જેમણે વકિલાત છોડી દીધી હોય તેવા દેવચંદભાઇ પારેખને મુંબઇની તેમની વકિલ તરીકેની કામગીરીનો ચિતાર આપતાં લખેલા પત્રમાં ગાંધીજી કહે છે, "હું જયારે રાજકોટ હતો ત્યારે શુક્લે મને જે ખરડાનું કામ આપેલું તે મેં હમણાં પતાવ્યું. ગાંધીજીએ રાજકોટમાં સિનિયર ધારાશાસ્ત્રી શુક્લ 'ખરડા' લખવાનું - એટલે કે અરજદારોની સાદી અરજી લખવાનું જ કામ સોંપતા. આવું જ કામ મુંબઇમાં તેઓ ફરી રહ્યા છે એમ તેઓ સ્પષ્ટ કહે છે."



મહાત્મા ગાંધીએ મુંબઇમાં તેમની વકીલાત કેવી ચાલતી એની વાત પણ લખી છે. તેઓ લખે છે "બેકાર સોલિસિટરોમાં એકનો વધારો થયો છે એવી સોલિસિટરોને જાણ કરવા માટે હાઇકોર્ટમાં આંટાફારે મારવા હવે હું છૂટો છું."

મુંબઇ હાઇકોર્ટમાં પ્રેક્ટીસ શરુ કરનાર સિનિયર ધારાશાસ્ત્રી મહેતાના આશીર્વાદ લેવા ગયા ત્યારે તેમની સાથે શું વાતચીત થઇ એઓ વર્ણવે છે : "જયારે હું મહેતા પાસે આશીર્વાદ લેવા ગયો ત્યારે એમને મને એક શાપ આપ્યો જે કદાચ આશીર્વાદ નીડવશે એમ તેઓ (શ્રીયુત મહેતા) કહેતા. હતા. ગાંધીજીને ધારતા હતા તેનાથી તદ્દન વિરુદ્ધ વકીલ મહેતા તો ગાંધી નાતાલમાં કરેલી તેમની નાનકડી બચત અહીં વેડફી નાંખશે એમ ધારણા કરતા હતા."

જો કે આવા સંજોગો હોવા છતાં, કામ ઘણું મુશ્કેલ હોવા છતાં પણ ગાંધી પોતાની જાત પર અને નિષ્ઠાથી વ્યવસાય કરવામાં શ્રદ્ધા વ્યક્ત કરતાં કહે છે, "પણ હું નિરાશ થયો નથી. મુંબઇએ મારે માથે નાંખેલો સંઘર્ષ અને નિયમિત જીવનની હું ખરેખર તો કદર કરું છું. એટલે જયાં સુધી એ સંઘર્ષ અસહ્ય નહીં બની જાય ત્યાં સુધી હું મુંબઇ છોડવા ઇચ્છતો નથી."

(જુઓ : ગાંધીજીનો અક્ષરદેહ : ભાગ -૩, પૃષ્ઠ-૨૯૪)

જો કે દક્ષિણ આફ્રિકા હિન્દી સંઘ તરફથી તેમને સતત બોલાવવામાં આવતા હતા. પરંતુ મુંબઇથી લંડન કે ટ્રાન્સવાલ જઇ શકું કે તેમ પૂછતાં ત્યાંથી આવેલા તાર સંબંધે કહે છે, તદ્દન આવશ્યક ન હોય તો હું નાતાલ જવા માંગતો નથી. લંડન અને દક્ષિણ આફ્રિકાની મુલાકાતને માટે જરુરી એવો માનસિક પરિશ્રમ કરવા જેટલી શક્તિ મને હજુ લાગતી નથી. તા. ૩ નવેમ્બર, ૧૯૦૨ એટલે કે મુંબઇમાં વકીલાત શરુ કર્યાના ચાર મહિનાના ગાળામાં મુંબઇમાં વકીલાતનો વ્યવસાય ચાલશે કે કેમ? એ બાબતે સહેજે શંકા નથી એવી લાગણી વ્યક્ત કરતાં કહે છે 'અહીંની સ્થિતિનો બરાબર ખ્યાલ આવી ગયો છે એમ કહી ન શકું પણ છતાં ભવિષ્ય વિષે હું ચિંતાતુર નથી. ઓફિસના કામમાંથી મારું ખર્ચ નીકળી રહે છે. જે હું જોઉં છું કે આપણે ધારતા હતા તે કરતાં ઘણું વધારે થશે.'

દક્ષિણ આફ્રિકાની મુલાકાતે મિ. ચેમ્બરલેન જવાના હોઇ દક્ષિણ આફ્રિકાના નાતાલ હિંદી સંઘની મહાત્મા ગાંધીને પરત બોલાવવા સતત સંદેશાઓને પરિણામે તા. ૧૪ નવેમ્બર ૧૯૦૨ના રોજ મુંબઇમાં ઠરીઠામ થયો છું એમ તેમને લાગવા માંડ્યું તે ઘડીએ જ તેમને પુનઃ દક્ષિણ આફ્રિકાની વાટ પકડવી પડી હતી તેમ ગોખલેને લખેલા પત્રમાં જણાય છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)